જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૭/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૨૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૪૧ લીટર દેશી દારૂ, ૦૯ ક્વૉટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૮૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૦૨૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૦૩૦/૨૦૨૬**

નવરંગપુરાઃ ધ્રુવભાઇ સ/ઓ મનોજકુમાર સોલંકી (રહે. ઉમંગ–૭, હાઈ–ફાઈ ક્રોસ રોડ પાસે, લક્ષ્મીનગર, નારોલ) એ તા.૨૪/૦૭/૨૦૨૬ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૧/૨૦૨૬ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન મિઠાખળી, HCG હોસ્પીટલ પાછળ, સુતરીયા કોમ્પલેક્ષ ખાતે આવેલ “THE STAR ACROSS EDUCATION” નામની સંસ્થાના માલીક આરોપી અમિત ગોસ્વામી અને તેમની સંસ્થા “THE STAR ACROSS EDUCATION” દ્વારા ધ્રુવભાઇ સોલંકીને રશિયા ખાતે જવાના વિઝા મેળવી આપવાનો તેમજ રશિયામા અભ્યાસ સાથે લીગલ જોબ અપાવવાનો વિશ્વાસ અને ભરોસો આપી, ધ્રુવભાઇ સોલંકી પાસેથી કુલ રૂપિયા ૩,૬૯,૯૯૯/– મેળવી લઈ, ધ્રુવભાઇને રશિયા મોકલી, રશિયામા લીગલ જોબ નહી અપાવી તેમની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

વીજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૦૩૧/૨૦૨૬**

વસ્ત્રાપુરઃ પેલેડિયમ મોલ સામે “સેવન સ્ટાર” નામની લારી ઘરાવી ધંધો કરતા અમ્મર ગોબિન્દે વિશ્વકર્મા (રહે.ઈલોરા એપાર્ટમેન્ટ, રિદ્ધિ સિદ્ધિ એપાર્ટમેન્ટ પાસે, વસ્ત્રાપુર) નાઓના કાકાના પુત્ર જગત સ/ઓ બમે વિશ્વકર્મા (ઉ.વ.૧૬) નાઓ છેલ્લા અઢી મહીનાથી વતન નેપાળ થી અમ્મર વિશ્વકર્માના ઘરે અમદાવાદ ખાતે રહેવા સારૂં આવેલ હતો. તા.૨૩/૦૭/૨૦૫૨૬ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે જગત વિશ્વકર્મા નાઓ સંસ્કાર ટાવરમાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપર આવેલ ફ્રૂટની દુકાન આગળથી પસાર થઈ રહ્યો હતો ત્યારે ટોરન્ટ પાવરના ઈલેક્ટ્રિક બોક્સને જગત વિશ્વકર્માનો હાથ અડી જતાં ચાલુ વરસાદે વીજ કરંટ લાગતાં સારવાર અર્થે તેમને સોલા સીવીલ હોસ્પિટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દશરથભાઇ રમણાભાઇ ચલાવે છે.

છઠ્ઠા માળથી પડી જતાં મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૦૩૨/૨૦૨૬**

નારોલઃ સપનાબહેન વા/ઓ હરેશભાઇ સોલંકી (ઉ.વ.૩૩)(રહે.સ્વસ્તીક પ્લેટીનમ, નક્ષત્ર હાઇટ્સ સામે નારોલ) નાઓ તા.૨૪/૦૭/૨૦૨૬ સાંજના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ફ્લેટમાં રહેણાંક ખાતે છઠ્ઠા માળે ખુરશી ઉપર પગ મુકીને કપડા સુકવવા જતા છઠ્ઠા માળથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.વી.લુવા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૦૩૩/૨૦૨૬**

કૃષ્ણનગરઃ દામિની ઉર્ફે મોનાબેન કરણસિંહ ખેંગાર (ઉ.વ.૨૧)(રહે. નવી ફોજદારની ચાલી, હરિઓમ એસ્ટેટ સામે, જી.ડી.રોડ, સૈજપુર, કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૭/૨૦૨૬ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી "એચ" ડિવીઝન નાઓ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી